

|| NAMO TITTHASSA ||

**GACCHADHIPATI (SPIRITUAL SOVEREIGN)**
# JAINACHARYA SHRIMADVIJAY YUGBHUSHANSURI
**(PANDIT MAHARAJ SAHEB)**

વિ.સં. ૨૦૭૭, આસો સુદ - ૧,
તા. 07-10-2021
બોરિવલી, મુંબઈ
Ref.:202110G-02

## સકલ શ્રીસંઘ જોગ નિવેદન

**વિષય – શ્રી શત્રુંજય તીર્થ સંબંધી 19 ઑગષ્ટ 2021ના રોજ ગુજરાત હાઇકોર્ટે આપેલ જજમેન્ટનું સમીક્ષાત્મક અને તટસ્થ વિશ્લેષણ ભાગ - 3 (અંતિમ ભાગ)**

પરમ પાવન શ્રી સિદ્ધાચલ મહાતીર્થ જૈન ધર્મનું ઉત્કૃષ્ટ પવિત્ર તીર્થક્ષેત્ર છે. તે તીર્થના સંદર્ભમાં ગુજરાત હાઇકોર્ટે 19 ઑગષ્ટ 2021ના રોજ આપેલ જજમેન્ટનું તટસ્થ વિશ્લેષણ કરવાનો ઉપક્રમ ચાલુ છે. તદંતર્ગત ભાગ-1માં શત્રુંજય તીર્થની વહીવટદાર આણંદજી કલ્યાણજી પેઢીએ પ્રસ્તુત કેસમાં રજૂ કરેલી એફિડેવિટનું તટસ્થ વિશ્લેષણ કર્યું હતું. ભાગ-2માં જજમેન્ટનું તટસ્થ વિશ્લેષણ કર્યું હતું. હવે પ્રસ્તુત ભાગ-3માં જજમેન્ટમાં રજૂ કરાયેલ ઐતિહાસિક દસ્તાવેજોનું જૈનશાસનના સત્તાતંત્રના દૃષ્ટિકોણથી તટસ્થ વિશ્લેષણ શ્રીસંઘ સમક્ષ કરીશું.

**જજમેન્ટ અંતર્ગત રજૂ કરાયેલાં ઐતિહાસિક દસ્તાવેજો અને તેમાંથી ફલિત થતું જૈન શાસનનું સત્તાતંત્ર :**

જજમેન્ટ અંતર્ગત ફકરા નં. 28માં શ્રી શત્રુંજય મહાતીર્થ સંબંધી ઐતિહાસિક માહિતીઓના વર્ણન પ્રસંગે હીરવિજયસૂરિ મહારાજાના સન્માનમાં અકબર બાદશાહ દ્વારા અપાયેલ તીર્થરક્ષા સંબંધી ફરમાન જજને રસપ્રદ જણાવાથી અંગ્રેજી અનુવાદ સ્વરૂપે ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. એક મુસલમાન બાદશાહના હાથે અપાયેલ ફરમાન પણ જો કાળજીપૂર્વક લખાવાયું હોય તો આપણા અધિકારોને પોલાદી સુરક્ષા આપી શકે છે, તેનું આ જ્વલંત દૃષ્ટાંત છે. તેની વિશેષ વિગતો આપણે ફરમાનના ચૂંટેલા મુદ્દાઓ દ્વારા જ જોઈશું.

'Be it known to the Officers of the present and the future times, the Governors, ..., as well as other countries in (our) dominion...'

ફરમાનનો પ્રારંભ કરતાં પાક્કી ભાષામાં લખાયું છે કે, 'અમારી આખી સલ્તનતના વર્તમાન અને ભવિષ્યકાળના ગવર્નરો આદિને જાણ કરવામાં આવે છે કે...'



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, Ind
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



અર્થાત્ માત્ર વર્તમાનના નહીં, પરંતુ ભવિષ્યના પણ તેમની સલ્તનતના તમામ રાજ્યાધિકારીઓને આદેશ આપવામાં આવ્યો છે, જે પ્રસ્તુત ફરમાનની અનેક છટકબારીઓને બંધ કરી દે છે.

ત્યારબાદ ફરમાનનો મુખ્ય ભાગ જણાવે છે કે,

'... his request was really a just and reasonable one, and we do not find it contrary to law, (it being the rule of the worshippers of God to preserve all religions), and as it appeared to us upon enquiry and we are satisfied that those mountains and places of worship appertain to the religion of Jain Setambari, therefore, in compliance with his request, we grant, and bestow upon, Heer Bijor Soor, Acharj of the Jain Setambari religion, the mountain Siddhachul, the mountain Girnar, the mountain Tarunga, the mountain Kessuria-nath, and the mountain Abhoo, lying in the country of Goozrat, the five mountains of Rajgiree, and the mountain Somed Sekur alias Parusnauth, lying in the country of Bengal, together with all the places of worship and pilgrimage below the mountains, wherever those places of worship be within our empire and dominion...'

અર્થાત્ '... તેમની અપેક્ષા ખરેખર ન્યાયી અને યોગ્ય હોવાથી તથા અમને તે કાયદાથી અવિરુદ્ધ લાગી હોવાથી, (ભગવાનના ભક્તોનો નિયમ છે કે, બધા ધર્મોની જાળવણી કરવી.) તથા તપાસ કર્યા પછી અમને જાણવા મળ્યું, અને અમે સંતુષ્ટ છીએ કે, તે પર્વતો અને ઉપાસનાસ્થળો જૈન શ્વેતાંબરોના છે. તેથી અમે તેમની અપેક્ષાને અનુસરવા ગુજરાતમાં આવેલ સિદ્ધાચલ પર્વત, ગિરનાર પર્વત, તારંગા પર્વત, કેસરિયાજી પર્વત અને આબુ પર્વત, રાજગૃહીના પાંચ પર્વતો અને બંગાળનો પારસનાથના નામે ઓળખાતો સમ્મેતશિખરજી પર્વત, તે પર્વતોની નીચે રહેલાં તીર્થસ્થાનો અને ઉપાસનાસ્થળો સહિત અમારી સલ્તનતમાં અને રાજ્યમાં ગમે ત્યાં હોય એવાં શ્વેતાંબરી જૈનોના તીર્થસ્થાનો અને ઉપાસનાસ્થળો અમે જૈન શ્વેતાંબર પંથના હીરવિજયસૂરિના સ્વીકારીએ છીએ અને આના વડે સમ્માનિત કરીએ છીએ...'

અહીં ફરમાન તરીકે આદેશ અપાઈ રહ્યો હોવા છતાં આંખે ઊડીને વળગે એવી કાળજી રખાઈ છે કે, કોઈપણ રીતે આ તીર્થસ્થાનો વગેરે રાજ્યના અધિકાર હેઠળ હતા અને તે આચાર્ય ભગવંતને અપાયા છે તેવો ભાવ નીકળે નહીં. ઉલટું, સ્પષ્ટપણે ફરમાન જણાવે છે કે, '...તપાસ કર્યા પછી અમને જાણવા મળ્યું ... તે પર્વતો અને ઉપાસનાસ્થળો જૈન શ્વેતાંબરોના છે...' '...શ્વેતાંબરી જૈનોના તીર્થસ્થાનો અને ઉપાસનાસ્થળો અમે જૈન શ્વેતાંબર પંથના હીરવિજયસૂરિના સ્વીકારીએ છીએ અને આના વડે સમ્માનિત કરીએ છીએ...' એટલે મોગલસમ્રાટે પણ માન્ય કર્યું કે, પહેલેથી આ બધા સ્થાનો જૈન શ્વેતાંબરોના જ છે અને તે વાત ફરીથી સ્વીકારીને આ ફરમાન વડે આચાર્ય મહારાજની માલિકીયત સ્વીકારીએ છીએ.

હજુ આ વાતની વધુ સ્પષ્ટતા કરતાં તે ફરમાન જણાવે છે કે,

'... Furthermore, although these mountains and the places of worship and pilgrimage, which are the places of (followers of the) Jain Setambari religion, are given



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



to Heer Bijoy Soor, yet in reality they are of the followers of the Jain Setambari religion...'

તેનો અર્થ છે – '...આટલા જૈન શ્વેતાંબર પર્વતો, તીર્થસ્થાનો અને ઉપાસનાસ્થળો જે જૈન શ્વેતાંબરી ધર્મના છે, તે હીરવિજયસૂરિને અપાયા છે, પણ વાસ્તવમાં તો તે બધા જૈન શ્વેતાંબર પંથના અનુયાયીઓના છે...'

કોઇ અપાયા શબ્દનો અનર્થ ન કરી દે તે માટે ફરમાનમાં જ એકદમ સ્પષ્ટ ખુલાસો કરાયો છે. છતાં દુર્ભાગ્યની વાત છે કે, જજમેન્ટ ના ફકરા નં. 28માં શત્રુંજયાદિ તીર્થો હીરવિજયસૂરિને અપાયા હતા તેવું જ માત્ર કહી દેવામાં આવ્યું છે. તેનો અર્થ 'પહેલાં રાજ્યના હતા અને હવે હીરવિજયસૂરિજીને આપ્યાં છે' તેવો નીકળી શકે.

હવે ફરમાનની વેલિડિટી ડેટ ફરમાનના શબ્દોમાં જુઓ -

'...May this Firman shine like the sun and moon amongst the followers of the Jain Setambari religion, as long as the sun may shine in the day with his resplendent rays, and the moon make the night delightful by her light. Let, no one offer an opposition or make objection to the same;...'

એટલે કે '...જ્યાં સુધી સૂરજ દિવસને અજવાળે અને ચંદ્રમા રાત્રિને અજવાળે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબરોમાં સૂરજ અને ચંદ્રની જેમ પ્રકાશમાન રહેજો...' અર્થાત્ આની વેલિડિટી યાવચ્ચંદ્રદિવાકરૌ સુધીની નક્કી કરી આપી છે. માટે અમુક સમય બાદ તેને ફરીથી માન્ય કરાવવાની જરૂર ઊભી રહેતી નથી. વળી સાથે જ લખાયું છે કે, '... કોઈપણ વ્યક્તિ આ ફરમાનનો વિરોધ ન કરે તથા આ બાબતે વાંધો ન ઉપાડે...'

છેલ્લે વધુ સ્પષ્ટતા માટે આદેશ આપે છે કે,

'... let the orders contained in (this) Firman, which commands obedience, by (inhabitants of) the world, be acted upon and carried out, and let none depart from the same, and require a new Sunnad (Grant) ...'

અર્થાત્ '...વિશ્વના રહેવાસીઓએ આ ફરમાનના આદેશોને આધીન રહેવું, તે મુજબ જ વર્તવું, કોઇએ તેનાથી ફંટાવું નહીં અને આ આદેશો માટે પુનઃ નવી સનદની જરૂરિયાત નથી...' તેનો સ્પષ્ટ અર્થ નીકળ્યો કે, આ આદેશને ફરી ફરી નિશ્ચિત કરાવવાની જરૂર નથી. ટૂંકમાં કહીએ તો પ્રાયઃ કરીને ફાંકા કાઢવાની જગ્યા જ ન રહે તેવી રીતે મજબૂત ડ્રાફ્ટીંગની કિલ્લેબંધી વચ્ચે આપણા તીર્થોના અધિકારોને પોલાદી સુરક્ષા અપાઈ છે.

આ આખા ફરમાનનું બરાબર અવલોકન કરીએ તો એક અગત્યની વાત નજરે ચઢે છે. તેમાં એવું સમીકરણ બાંધવામાં આવ્યું છે કે, આ તીર્થો આદિ હીરવિજયસૂરિને અપાયાં છે અર્થાત્ તે જૈન શ્વેતાંબરોના છે, જૈન શ્વેતાંબર સંઘનાં છે. હીરવિજયસૂરિ એક વ્યક્તિ છે અને જૈન શ્વેતાંબરો તે સમૂહ છે, તે બંનેનું સમીકરણ કેવી રીતે બંધાય ?



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



ચાલો, જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ તપાસીએ.

પ્રભુ વીરના હસ્તદીક્ષિત શિષ્ય શ્રી ધર્મદાસગણિ મહારાજા ઉપદેશમાલા ગ્રંથમાં ફરમાવે છે કે,

कइया वि जिणवरिंदा, पत्ता अयरामरं पदं दाउं ।
आयरिएहिं पवयणं, धारिज्जइ संपयं सयलं ।।12।।

અર્થાત્ તીર્થંકરો મોક્ષમાર્ગ આપીને મોક્ષે પધાર્યા ત્યારબાદ સકલ પ્રવચન એટલે કે શાસન આચાર્યો વડે ધારણ કરાય છે.

તેનું સ્પષ્ટીકરણ કરતાં ટીકાકાર શ્રી સિદ્ધર્ષિ ગણિ લખે છે કે,

'... तद्विरहे पुनराचार्यैः प्रवचनं तीर्थं चातुर्वर्णसंघरूपमागमरूपं च ... संपूर्णं च धार्यते ध्रियते ...'

'... તીર્થંકરોના વિરહમાં આચાર્યો વડે પ્રવચન એટલે કે તીર્થ જે ચતુર્વિધ સંઘ સ્વરૂપ અથવા આગમો સ્વરૂપ છે તે સંપૂર્ણપણે ધારણ કરાય છે...'

અન્ય ટીકાકાર શ્રી રામવિજયજી તો ભારપૂર્વક જણાવે છે કે,

'...संप्रति तीर्थंकरविरहेण सकलं प्रवचनमाचार्ये तिष्ठति, तीर्थंकराभावे आचार्या एव प्रवर्तका ... '

અર્થાત્ '... હમણાં તીર્થંકરોના વિરહમાં સંપૂર્ણ પ્રવચન (શાસન) આચાર્યોમાં સ્થિત છે (રહેલું છે). તીર્થંકરોના અભાવમાં આચાર્યો જ શાસનના પ્રવર્તકો છે...'

અહીં ગ્રંથકાર જકારપૂર્વક આચાર્યોને જ શાસનનાં-શાસન અંતર્ગત ગણાતાં દરેક ઘટકોનાં માલિક, શાસનના મૂલાધાર, શાસનના પ્રવર્તક એટલે કે શાસનના મુખ્ય અધિકારી તરીકે ગણાવે છે.

ઉપરોક્ત શાસ્ત્રવચનોથી સરળપણે સમજાય છે કે, આચાર્ય ભગવંતો શાસનના સ્વામી છે, ચતુર્વિધ શ્રીસંઘના કર્ણધાર છે. શ્રીસંઘની ધુરાને ધારણ કરે છે. માટે આચાર્ય ભગવંતને અપાયાં = શ્રીસંઘનાં છે એવું સમીકરણ જે ફરમાનમાં બંધાયું છે, તે જૈનશાસનની મર્યાદા અનુસાર જ જણાય છે. આચાર્ય ભગવંતો જ શાસનનાં દરેક તીર્થો, ધર્મસ્થાનકો વગેરેનાં માલિક, શ્રીસંઘના કર્ણધાર, શ્રીસંઘને ધારણ કરનાર, આજની ભાષામાં કહીએ તો મુખ્ય પ્રતિનિધિ છે. તે જ શાસ્ત્રાજ્ઞા છે, શાસ્ત્રોની પરંપરા છે.

આ વાત ફરમાનમાં સહજતાથી વણી લેવામાં આવી છે. તેના આધારે એમ સમજી શકાય છે કે, તે સમયે આચાર્ય ભગવંતનું સ્થાન શાસનનાં સ્વામી, શ્રીસંઘના મુખ્ય કર્ણધાર – મુખ્ય પ્રતિનિધિ તરીકે અબાધિત હતું. તેથી તેમના નામે મુખ્ય તીર્થો આદિની માલિકી સ્વીકારતું પ્રસ્તુત ફરમાન અકબરે આપ્યું છે.

આપણે જે જજમેન્ટ અંતર્ગત ઐતિહાસિક તથ્યોની સમીક્ષા કરી રહ્યા છીએ તે જજમેન્ટમાં એક પુસ્તકના અંશો કોર્ટને માન્ય હકીકતો રૂપે ઉદ્ધૃત કરાયા છે. પુસ્તકનું નામ છે – Imperial Mughal Farmans



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



in Gujarat. જેનાં લેખક છે ખાન બહાદુર M.S. Commissariat. આ લેખકે પણ ઉપરોક્ત ફરમાનના ભાવાર્થને આબાદ પકડ્યો છે. જે જજમેન્ટના પૃ. 114 ઉપર રીફર થયો છે.

"...in as much as the Acharya was regarded as the representative of the Jain Svetambar community for whose benefit the order was issued..."

અર્થાત્ '... કારણ કે આચાર્ય ભગવંત જૈન શ્વેતાંબર કોમ્યુનિટીના પ્રતિનિધિ તરીકે ગણાતાં હતાં. જેનાં (જૈન શ્વેતાંબર કોમ્યુનિટીનાં) લાભાર્થે ફરમાન અપાયું હતું. ...'

ફરમાન આપનાર મુસ્લિમ બાદશાહ, તેનું વિશ્લેષણ કરનાર મુસ્લિમ લેખક આ બંને જણાં સારી રીતે સમજતાં હતાં કે આચાર્ય ભગવંત ચતુર્વિધ જૈન સંઘના મુખ્ય પ્રતિનિધિ છે. માટે તેમના નામે તીર્થોની માલિકી મંજૂર કરવી જોઈએ.

આગળ વધતાં તે મુસ્લિમ લેખક વિજયસેનસૂરિજી મહારાજા અને વિજયદેવસૂરિજી મહારાજાની તમામ ધર્મસ્થાનોની માલિકી કબૂલ કરનાર ફરમાનની ચર્ચા કરે છે.

આપણે પહેલાં ફરમાનના શબ્દો જોઈશું. ત્યારબાદ તેનો ભાવાર્થ વિચારીશું.

"... May it be known (To) The noble Governors and the Officers ... [That as] Baji Sen Soor and Baji Dev Soor and Khoosh faham Nand Baji Paran have temples and Dharamshalas in every place and every town ... No one shall put up in the temples and Dharamshalas of that community and no one shall enter into them without permission. And should they wish to rebuild them, no one shall oppose them..."

અર્થાત્ '... ગવર્નરો, ઓફિસરો વગેરેને જાણ કરાય છે કે ... વિજયસેનસૂરિજી, વિજયદેવસૂરિજી અને નંદવિજયજીના દરેક સ્થળે – દરેક ગામે મંદિરો અને ધર્મશાળાઓ છે... કોઈએ (ગવર્નરો આદિએ) પણ તે કમ્યુનિટીની ધર્મશાળાઓ અને મંદિરોમાં રોકાવું નહીં, તેમની પરવાનગી વિના તેમાં પ્રવેશ કરવો નહીં અને જો તેનું (મંદિરો વગેરેનું) પુનર્નિર્માણ કરાવવાની તેમની ઇચ્છા હોય તો કોઈએ તેનો વિરોધ કરવો નહીં...'

અકબરે આપેલા ફરમાનની જેમ જ જહાંગીરના પ્રસ્તુત ફરમાન ઉપર વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ જણાઈ આવશે કે સર્વથા નિષ્પરિગ્રહી એવા ધર્માચાર્યોના જ નામે તીર્થો આદિના ફરમાનો આપવાનું કે લેવાનું કારણ તેઓ સમગ્ર શાસનના - તીર્થો આદિના માલિક, ચતુર્વિધ સંઘના નાયક-સંઘના મુખ્ય પ્રતિનિધિઓ છે તેવી આપણી પરંપરા અને શાસ્ત્રીય વ્યવસ્થા છે.

આવી જ વાત તે મુસ્લિમ લેખકે પણ વિશ્લેષણરૂપે લખી છે. જે જજમેન્ટના પાના નંબર 115 ઉપર મૂકવામાં આવી છે.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



"… issues orders to the governors and jagirdars of the Subah of Gujarat that no one should, without permission, enter or put up at the temples and the dharamshalas of the Jain community, which were under the control of Vijaysen Suri and Vijaydev Suri…."

અર્થાત્ '… ગવર્નરો આદિએ પણ જૈન કમ્યુનિટીના મંદિરો આદિમાં તેમની રજા વિના પ્રવેશ આદિ કરવો નહીં. આ જૈન કમ્યુનિટીના મંદિરો આદિ વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિના કંટ્રોલ હેઠળ હતાં…'

અહીં પણ 'सकलं प्रवचनमाचार्ये तिष्ठति…'નો ભાવ સારી રીતે પડઘાય છે.

વાસ્તવમાં, શ્રમણ ભગવાન મહાવીરે 'જિન' બની એટલે કે વિશ્વવિજેતા બની વર્તમાન ધર્મતીર્થની સ્થાપના કરી. તેમણે તે ધર્મતીર્થની સંપૂર્ણપણે અનુજ્ઞા ગણધર ભગવંતોને આપી અર્થાત્ ધર્મતીર્થના સર્વાધિકારો ગણધરોને સોંપ્યાં.

આપણું આવશ્યકનિર્યુક્તિ આગમ ફરમાવે છે કે, '…ततो *भगवमणुण्णं* करेइ… ताहे सामी पुव्वं तित्थं गोयमसामिस्स दव्वेहिं गुणेहिं पज्जवेहिं, अणुजाणामि त्ति भणति, चुण्णाणि य से सीसे छुहई …'

એટલે કે 'ત્યારબાદ ભગવાન અનુજ્ઞા કરે છે… તે અવસરે સ્વામી સૌ પ્રથમ 'ગૌતમસ્વામીને દ્રવ્ય-ગુણ અને પર્યાયથી તીર્થની અનુજ્ઞા આપું છું.' એ પ્રમાણે પ્રકાશે છે અને તેમના મસ્તક ઉપર ચૂર્ણનો નિક્ષેપ કરે છે…"

આગમવચનનો ભાવાર્થ એ છે કે, ભગવાન પોતાના વારસદાર ગણધર ભગવંતોને તીર્થની = શાસનની સમગ્રતાથી અનુજ્ઞા આપે છે = અધિકારો સોંપે છે. તે ધર્મસામ્રાજ્યનો વારસો ગણધરોના પટ્ટધરોને મળે છે. તેઓ વળી તેમના પટ્ટધરોને સોંપે છે. એ પ્રમાણે શાસનના સર્વાધિકારોનો વારસો વહેતો વહેતો ગણધર ભગવંતોના ક્રમિક પટ્ટધરોના સ્વામિત્વ હેઠળ આવે છે. તે હકીકતનું પ્રતિબિંબ આપણે ઉપરોક્ત બે ફરમાનોમાં જોઈ ચૂક્યા છીએ.

પરંતુ હવે ઇતિહાસની રુખ બદલાય છે. જે અત્યાર સુધી ઉપરોક્ત ફરમાનોમાં જોયું તેનાથી વિપરીત જોવા મળે છે. જિનશાસનની જે પ્રાણવાન મર્યાદાઓનું પાલન બે ફરમાનોમાં જોવા મળ્યું હતું તે હવે અલોપ થતું જોવાઈ રહ્યું છે.

ખાન બહાદુર M.S. Commissariat લિખિત Imperial Mughal Farmans in Gujarat પુસ્તક, જે જજમેન્ટમાં ઉદ્ધૃત થયું છે, તે પુસ્તકનો જે અંશ જજમેન્ટના પૃષ્ઠ નં. 121 ઉપર દેખાય છે, ત્યાં તે મુસ્લિમ લેખક જણાવે છે કે,



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



'... four Farmans ... Shantidas stands forth in all these documents as the principal, if not the sole, representative of the wealthy and powerful Svetambar Jain community of Western India, and the Emperor confers upon him and his heirs in that capacity, ...'

અર્થાત્ '... (શત્રુંજય પર્વત તથા પાલિતાણાની અને અન્ય તીર્થોની ગ્રાન્ટ જે ફરમાનોમાં અપાયેલી છે) તે બધાં દસ્તાવેજોમાં શાંતિદાસ શેઠ ભલે એક માત્ર નહીં, પરંતુ પશ્ચિમ ભારતની સમૃદ્ધ અને શક્તિશાળી જૈન શ્વેતાંબર કમ્યુનિટીના મુખ્ય પ્રતિનિધિ તરીકે ઉભરી આવે છે. શાંતિદાસ શેઠની આ જ હેસિયતથી મોગલસમ્રાટે તેમને અને તેમના વંશજોને ઉપરોક્ત ફરમાનો આપ્યાં છે...'

અહીં જૈનશાસનના વ્યવસ્થાતંત્રમાં જાણે કે ધરતીકંપ આવ્યો. જેનાં દ્વારા પરાપૂર્વથી જૈનસંઘના અધિકાર હેઠળ રહેલા તીર્થો વગેરે શાંતિદાસ શેઠના નામે આપી દેવામાં અને લઇ લેવામાં આવ્યાં.

કોઈક ફરમાનોમાં માત્ર શાંતિદાસ શેઠના જ નામે તે અધિકારો આપી દેવામાં આવ્યા છે. કોઈક ફરમાનમાં રાજ્યના ગુલામ તરીકે શાંતિદાસ શેઠને તીર્થોના અધિકારો આપવામાં આવ્યાં છે. કોઈક ફરમાનમાં વળી શ્રાવક કોમ્યુનિટીના મુખ્ય પ્રતિનિધિ તરીકે શાંતિદાસ શેઠને અધિકારો આપી દેવામાં આવ્યા છે, પરંતુ સંઘસ્થાપનાના સમયથી ચતુર્વિધ શ્રીસંઘના વર્ચસ્વ હેઠળ રહેલી તે પવિત્ર વિરાસત કોઈક શ્રાવક કે શ્રાવક સમુદાયના હાથમાં આવી ગઈ કે લઈ લેવામાં આવી ! અર્થાત્ શાસનની અમૂલ્ય મૂડીની છૂપી ફેરબદલી કરવામાં આવી !

તે ફરમાનોના શબ્દો દ્વારા વાસ્તવિકતાનો અંદાજ માંડીએ. તત્કાલીન ગુજરાતના સૂબા રાજકુમાર મુરાદબક્ષે આપેલું ઇ.સ. 1656નું ફરમાન જોઈએ :

'... Santidas, the Jeweler, has represented..., that in the village of Palitana..., there is a place of worship belonging to the Hindoos, that is called Satranja, and that the people of the surrounding districts come there on a pilgrimage. The order of the highly dignified abovementioned Village has been granted from the beginning of the season of Kharif Nijuit (i.e. harvest time) as an Inam to the abovementioned person, the best of grandees...'

અર્થાત્ '... શાંતિદાસ ઝવેરીએ સભામાં પેશ કર્યું કે, ... પાલિતાણા ગામમાં ... શત્રુંજય પર્વત તે હિન્દુઓનું ઉપાસનાસ્થળ છે. જે શેત્રુંજા તરીકે ઓળખાય છે. જ્યાં આજુબાજુથી લોકો યાત્રા માટે આવે છે. ... અમે આદેશ આપીએ છીએ કે ... ઉપરોક્ત ગામ ખરીફની સીઝનથી ઉપરોક્ત વ્યક્તિને ઇનામમાં આપીએ છીએ. ...'

આ ફરમાનને પુનઃ નિશ્ચિત કરતું ઇ. સ. 1657માં બાદશાહ શાહજહાંએ આપેલું ફરમાન જુઓ.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



'... Tha Parganah of Palitana (is) ... that is called Satranja and was given as a Jagir to (my) fortunate son ... the same has been given as an Inam as abovementioned to Santidas, the jeweler...'

અર્થાત્ '... પાલિતાણાનું પરગણું ... જે શેત્રુંજા તરીકે ઓળખાય છે. તે મારા દીકરાને જાગીર તરીકે આપેલું હતું. ... તે ઉપરોક્ત શાંતિદાસ ઝવેરીને ઇનામ તરીકે આપવામાં આવે છે. ...'

પ્રસ્તુત ઇનામને ફરીથી સ્થાપિત કરતો ઇ.સ. 1657-58માં મુરાદબક્ષે આપેલો આદેશ જોઇએ :

'... Purgunnah of Palitana ... is also called Istrinja is by former Sunnud conferred on Santidas, Juwaharee as an Enam or Gift, the said Santidas, has presented a Petition praying that in this manner a new high command should be given. The world binding mandate is therefore now issued declaring that we confirm to the said Santidas and to his descendants the Enam or gift he held by former Sunnud and a Royal patent... Dewans and ... to respect the said Gift according to...'

અર્થાત્ '... પાલિતાણા પરગણું... જે શેત્રુંજા તરીકે ઓળખાય છે. જે પહેલાની સનદ દ્વારા શાંતિદાસ ઝવેરીને ઇનામરૂપે અપાયેલ છે. તેના માટે શાંતિદાસ શેઠે અરજી કરી કે, આ રીતે નવો આદેશ અપાય. માટે નવો આદેશ આપીએ છીએ કે, શાંતિદાસ અને તેના વંશજોને ઇનામ કે ભેટ જે આગળની સનદથી અપાયેલ છે, તેને બધા જાગીરદારો આદિએ ... સન્માન આપવું...'

સદર ઇનામને ફરીથી મજબૂત કરતું ઇ.સ. 1658માં ઔરંગઝેબે આપેલું ફરમાન જુઓ.

'... Santidas, the jeweller has represented to the noble, most holy... the court that ... the district of Palitana, which is called Satranja ... the revenue of which is two lacs of Dams has been settled as a perpetual Inam on the slave (the petitioner) and that he (the petitioner therefore hopes that a glorious edict may also be granted by our court. Therefore in the same manner as before we have granted (to the petitioner) the abovementioned district as a perpetual Inam...'

અર્થાત્ '... શાંતિદાસ ઝવેરીએ કોર્ટમાં પેશ કર્યું કે, ... પાલિતાણા જિલ્લો જે શેત્રુંજા તરીકે ઓળખાય છે... જેની રેવન્યુ 2 લાખ દામ છે. તે કાયમી ઇનામ તરીકે આ ગુલામ (શાંતિદાસ ઝવેરી)ને અપાયેલ છે. તેથી તેને અપેક્ષા છે કે, આ કોર્ટથી તેને આદેશ અપાય. માટે જે રીતે પહેલાં આ અરજદારને અમે આપ્યું હતું, તે રીતે ઉપરોક્ત જિલ્લો અમે કાયમી ઇનામ તરીકે આપીએ છીએ. ...'



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



ઉપરોક્ત ફરમાનોને સૂક્ષ્મતાથી તપાસતાં ધ્યાનમાં આવે છે કે, તીર્થ ઉપર શ્રીસંઘની માલિકી છે કે હતી તેવો કોઈ જ ભાવ આમાં દર્શાવાયો નથી. હીરવિજયસૂરિ મહારાજાને ભૂતકાળમાં ફરમાનો અપાયાં હતાં તેવો પણ કોઈ ઉલ્લેખ કરાયો નથી. ઉલટું, આ તીર્થને શાંતિદાસ ઝવેરીના એક ઇનામ તરીકે ખતવી દેવામાં આવ્યું છે. જેનો અર્થ શાહજહાંએ કાઢ્યો એવો કોઈપણ કાઢી શકે કે, તે પહેલાં રાજ્યના અધિકારક્ષેત્રમાં હતું અને હવે શાંતિદાસ શેઠને ઇનામરૂપે આપ્યું છે. કેવો ભારે અનર્થ થઇ ગયો !!! આપણા તીર્થ ઉપર ચાલી આવતી જૈન સંઘની માલિકીને બદલે રાજકીય અધિકાર સ્થાપિત કરાયો.

એક ગૃહસ્થ જ્યારે ધર્માચાર્યોને ખસેડીને શ્રમણપ્રધાન ચતુર્વિધ શ્રીસંઘનો પ્રતિનિધિ બની બેસે ત્યારે કેવી ભયંકર દુર્ઘટના આકાર લે તે જોઇ શકાય તેવું છે. જજમેન્ટમાં ઉદ્ધૃત મુસ્લિમ લેખકના ઐતિહાસિક પુસ્તકના પૃષ્ઠ નં. 81 પર લખાયું છે કે,

'...Shantidas plays during this period the part of a trusted representative of the Jain community in the same way as the great acharya Hirvijay Suri had done at an earlier date in the reign of Akbar...'

અર્થાત્ '...અકબરના સમયમાં મહાન આચાર્ય શ્રી હીરવિજયસૂરિજીએ જે રીતે જૈન સંઘના પ્રતિનિધિ તરીકેનો ભાગ ભજવ્યો હતો, તે રીતે શાંતિદાસ શેઠ જૈન કોમના વિશ્વસનીય પ્રતિનિધિ તરીકે ભાગ ભજવતા હતા...' ક્યાં ભગવાને અધિકૃતરૂપે સ્થાપિત કરેલા જૈનાચાર્ય અને ક્યાં એક શ્રાવક !!! બંને શ્રીસંઘ માટે સરખો રોલ ભજવે તો કેમ ચાલે ?

ઉપરોક્ત મહાઅનર્થને ઐતિહાસિક રીતે સમર્થન આપે તેવું એક પગલું હજુ શાંતિદાસ શેઠે લઈ લીધું. પ્રસિદ્ધ જૈન ઇતિહાસ ગ્રંથ 'જૈન પરંપરાનો ઇતિહાસ' પ્રકરણ નં. 58 પૃ. 138 ઉપર જણાવે છે કે,

*'... હવે સં. 1713માં શ્રી શત્રુંજય પહાડ અને પાલિતાણા ભેટ મળ્યા બાદ શ્રી શત્રુંજયનો ભટ્ટા. શ્રી રાજસાગરસૂરિની અધ્યક્ષતામાં મોટો યાત્રાસંઘ કાઢ્યો હતો. ત્યાં તેણે ભગ. શ્રી ઋષભદેવના જૂના પરિકરને બદલે નવું પરિકર બનાવી ભટ્ટા. શ્રી રાજસાગરસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી અને તેમાં શ્રી શત્રુંજય ભેટ મળ્યાનો ઉલ્લેખ કરાવ્યો...'*

શત્રુંજય ભેટમાં લેવો તે પહેલો મોટો અનર્થ ! અને તે મહાઅનર્થને શિલાલેખમાં કોતરાવી લેવો તે બીજો મોટો અનર્થ ! આ બંને પોતાના હાથે જ શાંતિદાસ શેઠે ઊભા કરી દીધા.

શાંતિદાસ શેઠ બાબતની અન્ય પણ વિગતો જણાવતાં જજમેન્ટમાં (ઉદ્ધૃત કરેલા પુસ્તકમાં) પૃષ્ઠ 119 ઉપર કહેવાયું છે કે,


Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



'... We learn from them that Murad had borrowed at Ahmedabad, on the eve of the Civil War, the sum of Rs. 5,50,000 from Manekchand, the son of Shantidas, and his brothers, and these orders were issued, at the request of Shantidas, for the repayment of the loan...'

અર્થાત્ '...આંતરવિગ્રહના પ્રારંભ વખતે મુરાદબક્ષે શાંતિદાસ શેઠના દીકરા માણેકચંદ વગેરે પાસેથી સાડા પાંચ લાખ રૂપિયા લીધાં હતાં. તે લોન પાછી આપવાનું ફરમાન શાંતિદાસ શેઠની વિનંતિથી મુરાદબક્ષે આપ્યું હતું...'

શેઠ પરિવાર મુસ્લિમોના કાળમાં થતાં આંતરવિગ્રહમાં કેટલો કાર્યરત હતો તેનું પ્રતિબિંબ અહીં આપણને જોવા મળે છે.

જજમેન્ટના પૃ. 120 ઉપર ઇતિહાસ આગળ વધે છે –

'... About four days after he had issued these farmans, Prince Murad Bakhsh, as the result of his own folly, found himself a prisoner in his brother's tent...'

'... મુરાદબક્ષ ફરમાન આપ્યાના ચાર દિવસ પછી પોતાની ભૂલોને કારણે પોતાના ભાઈની (ઔરંગઝેબની) છાવણીમાં કેદી તરીકે પકડાયો...'

હવે તે પૈસા પાછા મેળવવા ઔરંગઝેબ જેવા ક્રૂર વ્યક્તિના શરણે જવા સિવાય કોઈ રસ્તો બચ્યો નહીં. એટલે ઔરંગઝેબ પાસેથી આ લોન બાબતનું ફરમાન લેવાયું. તે ફરમાનમાં ઔરંગઝેબ લખે છે કે,

'... Prince Murad Bakhsh has taken at Ahmedabad (as a loan) the sum of five lakhs and fifty thousand rupees... and this has been the cause of anxiety to the servant...

Therefore on account of our kindness and generosity, we grant the sum of one lakh of rupees from the royal treasury...'

અર્થાત્ '... મુરાદબક્ષે અમદાવાદમાં સાડા પાંચ લાખ રૂપિયાની લોન લીધી હતી. તે કારણે સેવક (શાંતિદાસ ઝવેરી) ચિંતામાં હતા... તેથી, અમારી ભલમનસાઈ અને ઉદારતાને કારણે અમે એક લાખ રૂપિયા અમારા શાહી ખજાનામાંથી આપીએ છીએ...'

હવે આપણે ઔરંગઝેબની ભલમનસાઈનું ફળ દર્શાવતી જજમેન્ટના પૃ. 120 અને 121 ઉપરની માહિતીઓ જોઈએ –

'...The very day (August 10, 1658) on which Shantidas secured from Aurangzeb the Farman referred to above, granting him one lakh of Rupees on account of the loan



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



made to Murad Bakhsh, he received from the same victorious Prince another Farman (Plate XVIII) giving him gracious permission to return to his native city of Ahmedabad… Prince, who was still engaged in the struggle against Dara, was desirous to be friend so powerful a financier as Shantidas, and to attach him to his cause. Moreover, the document reveals Aurangzeb's anxiety to assure the people of the important province of Gujarat, where Murad Bakhsh had proclaimed himself Emperor, of his solicitude for their welfare, for orders are given to Shantidas that 'after his arrival there (i.e. at Ahmedabad), he should announce to all the business people, and to the Mahajans and to all the inhabitants, our desire for just administration and our regard for our subjects, so that all may pursue with composure of mind and satisfaction of heart their respective occupations and professions…'

અર્થાત્ '… જે દિવસે મુરાદબક્ષની લોનના 1 લાખ રૂપિયા પાછા મેળવવાનું ફરમાન શાંતિદાસ શેઠને ઔરંગઝેબ પાસેથી મળ્યું તે જ દિવસે તેમને અમદાવાદ જવાની પરવાનગી આપતું ફરમાન મળ્યું હતું.

તે ફરમાનનું મહત્ત્વ એટલા માટે છે કે, ત્યારે રાજકુમાર ઔરંગઝેબ રાજગાદીની લડાઈમાં વ્યસ્ત હતો. છતાં શક્તિશાળી ફાઇનાન્સર શાંતિદાસ સાથે પોતાના અંગત કારણોસર તેને મૈત્રી કરવી હતી. (પોતાના પ્રતિપક્ષી મુરાદબક્ષ તરફી હોવા છતાં.)

પ્રસ્તુત ફરમાનથી ઔરંગઝેબની મહત્ત્વાકાંક્ષા જણાય છે કે જ્યાં મુરાદબક્ષે પોતાને સમ્રાટ તરીકે જાહેર કર્યો હતો તેવા મહત્ત્વપૂર્ણ ગુજરાત રાજ્યમાં લોકોને ખાતરી આપવા માટે પ્રસ્તુત ફરમાનમાં શાંતિદાસ શેઠને આદેશ અપાયો હતો. અમદાવાદના મહાજન, રહેવાસી અને વેપારી વર્ગમાં શાંતિદાસ શેઠે જાહેરાત કરવાની કે, અમારી (ઔરંગઝેબની) ન્યાયી રાજકાજ ચલાવવાની ઇચ્છા છે. રાજ્યના નાગરિકો માટે અમને આદર છે. …'

શેઠ પરિવારને આંશિક પણ લોન ભરપાઈ થવાના બદલામાં કઈ સત્તાના કેન્વાસીંગ માટે સક્રિય થવાની ફરજ પડતી હતી, તે આમાંથી સમજાય તેમ છે. જે વ્યક્તિ ધર્માંધતાથી જૈન ધર્મસ્થાનકોનો પણ વિધ્વંસ કરનારો હતો, દેશ અને સમાજ માટે ભયંકર જોખમી હતો તેવાની સત્તા જમાવવા પોતાના સામાજિક વર્ચસ્વનો ઉપયોગ કરવાની નોબત તેમના ભાગે આવી.

અહીં તે પણ ખુલ્લું થાય છે કે આવા બાદશાહો પણ જેની મૈત્રીને ઇચ્છે, પોતાના વિરોધીના પૈસા પોતે ભરપાઈ કરાવી આપે, તેની પાસેથી હીરવિજયસૂરિજીનું ફરમાન માન્ય કરાવડાવવું તે શેઠ માટે ડાબા હાથનો ખેલ ગણી શકાય, છતાં પોતાના નામે તીર્થ લઈ લીધું તેને ધર્માચાર્યોની સત્તાને પડકારવાની પ્રવૃત્તિ સિવાય બીજું શું કહેવાય ?



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



હવે જજમેન્ટના પૃષ્ઠ નં. 123 ઉપર મૂકાયેલ નોંધ ધ્યાન ખેંચે છે. તેમાં ઉદ્ધૃત પુસ્તકના લેખક ખાન બહાદુર કહે છે કે,

'...Two of them (Nos IV and V) dated 1642, bear orders to the royal officials at the various ports to give protection and safe-conduct to the agents of Shantidas who frequented the Mughal ports, or Bandars for the purpose of buying jewels...'

અર્થાત્ '... તેમાંના બે ફરમાનો (નં. 4 અને 5) જેમાં ઇ.સ. 1642માં રાજ્યાધિકારીઓને અપાયેલ આદેશ છે, તેમાં શાંતિદાસ શેઠના એજન્ટો જે મુગલ બંદરો ઉપર ધંધાકીય ગતિવિધિ કરતાં હોય છે તેમને રક્ષણ આપવાનો ઓર્ડર છે....'

જે રીતે શાંતિદાસ શેઠ પોતાની રાજકીય લાગવગનો ઉપયોગ ધાર્મિક પ્રયોજનો માટે કરતાં હતાં, તે જ રીતે વ્યક્તિગત ધંધો, પોતાના વંશ-વારસનો ફાયદો આદિ માટે પણ રાજકીય પહોંચનો ઉપયોગ કરતા હતા. તેવી હકીકતો અહીં ઉઘડે છે.

શાહજહાંએ આપેલા તે ફરમાનના શબ્દો વાંચીએ.

'...Shantidas, who is devoted servant of Islam (Muti-ul-Islam)... Further, the governor of the province (i.e. Gujarat), the diwan, the bakhshi, and other royal servants who are in the Subah of Ahmedabad, should not interfere with the haveli, the shops, the garden and other property of the abovementioned as long as he is alive, and after his death, his property, consisting of buildings, etc. should be considered as belonging to his heirs...'

અર્થાત્ '... શાંતિદાસ, જે ઇસ્લામના સમર્પિત સેવક છે. ... ગુજરાત આદિ રાજ્યના ગવર્નરો આદિએ ઉપરોક્ત વ્યક્તિ જીવે ત્યાં સુધી તેમના હવેલી, દુકાનો, બગીચા અને અન્ય મિલકતો ઉપર અતિક્રમણો કરવા નહીં તથા તેમના મૃત્યુ બાદ તેમની મિલકતો તેમના વંશવારસ પાસે જ રહેવી જોઇએ....'

પોતાની મિલકતો વગેરેની સુરક્ષા અને ધંધા માટે ઇસ્લામના સમર્પિત સેવક તરીકે ખપીને પણ તેમણે તેવા ફરમાનો મેળવ્યા છે.

તે ફરમાનો ઉપર ટિપ્પણી કરતાં પ્રસિદ્ધ જૈન ઇતિહાસ ગ્રંથ 'જૈન પરંપરાનો ઇતિહાસ'માં પ્રકરણ-58 પૃ. નં. 137 ઉપર ત્રિપુટી મહારાજ કહે છે કે,

*'શેઠ શાંતિદાસની પેઢી બાદશાહ શાહજહાં, તેના શાહજાદાઓ અને સૂબાઓ વગેરે માટે ધીખતી બેંક હતી. તેઓને જ્યારે જોઇએ ત્યારે ને જેટલી જોઇએ તેટલી રકમ ત્યાંથી મળી શકતી હતી.*



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



*બીજી તરફ દાદાગીરીમાં ટેવાયેલા તોફાની મુસલમાનો હિંદુઓના ઘરોમાંથી ધન, માલ મિલકત, અનાજ, ઘોડા, ગાય વગેરે અને સ્ત્રીઓ-કન્યાઓ વગેરેને ઉઠાવી જતા હતા અને મકાન, બાગ, મૂડી વગેરેને દબાવી બેસતા હતા.*

*બાદશાહ શાહજહાંએ તોફાની મુસલમાનો નગરશેઠના પરિવાર તથા મકાનો ઉપર આવીને આફત ન ઉતારે એટલા ખાતર ખબરદારી રાખવા ગુજરાતના સૂબાઓ ઉપર એ સૌની સલામતીનું ફરમાન લખી મોકલી સૌને સાવધાન કર્યા હતા.'*

આ ટિપ્પણી ઉપર નવી કોઇ ટિપ્પણની જરૂર નથી. પરંતુ મોગલસમ્રાટો સાથેના ઘનિષ્ઠ સંબંધોની કડી દર્શાવતાં ત્રિપુટી મહારાજ પ્રકરણ નં. 58 પૃ. 142 ઉપર જૈન પરંપરાના ઇતિહાસમાં ઉલ્લેખ કરે છે કે,

*'... સને 1657-58 (વિ.સં. 1713-14)માં શાહજાદા ઔરંગઝેબ અને શાહજાદા મુરાદબક્ષે બંનેએ મળીને લૂંટારા કાનજી કોળીને પકડવા માટે અને ઉજ્જૈનના રાજા જસવંતસિંહને જીતવા માટે 88 હજાર સૈનિકોનું સૈન્ય ઊભું કરવા માટે શેઠ શાંતિદાસ પાસે પાંચ લાખ રૂપિયાની મોટી રકમની માગણી કરી હતી.*

*આથી શેઠ લક્ષ્મીચંદે શાહજાદા મુરાદબક્ષને તે રકમ પૂરી પાડી હતી...'*

દેશી રાજાઓનો સફાયો કરી ભારતભરમાં મુસ્લિમ સત્તા ઠોકી બેસાડવાના મુસ્લિમ સત્તાધીશોના મિશનને શેઠ પરિવારનો કેટલો સપોર્ટ હતો તે અહીં સ્પષ્ટ થાય છે.

આપણે જજમેન્ટમાં ઉદ્ધૃત પુસ્તકની માહિતીઓ ઉપરથી જૈન પરંપરાનો ઇતિહાસ પુસ્તક ઉપર કેમ પહોંચી ગયા ? તેવો વાચકોને પ્રશ્ન થશે. મુદ્દો એ છે કે જૈનશાસનના વ્યવસ્થાતંત્રને ધરખમ નુકસાન પહોંચાડનાર, જૈનાચાર્યો જે શાસનના માલિક છે તેમને સાઇડલાઇન કરી જાતે શાસનના કર્તાહર્તા તરીકે બની બેસનાર વ્યક્તિના તેવા કૃત્યો પાછળનું કારણ શું ? તેનો ઊહાપોહ કરતાં કરતાં પરંપરાના ઇતિહાસમાંથી પણ કાંઇક દિશા જડી તેથી તેનો પણ વિચાર કરી લેવો ઠીક જણાયો.

શાંતિદાસ શેઠની ઓળખ ઊભી કરે, ધર્મક્ષેત્રમાં ધર્માચાર્યોને હાંસિયામાં ધકેલી મનફાવતું કરવાની તેમની કાર્યપદ્ધતિને સ્પષ્ટ કરે તેવા એકાદ-બે દૃષ્ટાંતો જૈન પરંપરાનો ઇતિહાસ પ્રકરણ-58માં પૃષ્ઠ નં. 128 અને 129 ઉપર પણ નોંધાયાં છે. તેને શબ્દશઃ વાંચીએ.

*'... નગરશેઠ શાંતિદાસે સંવેગીગચ્છના 58મા ભટ્ટા. શ્રી વિજયસેનસૂરિને વિનંતી કરી ભારે માન-સમ્માનથી અમદાવાદમાં પધરાવ્યા અને અવસર જોઈ વિનંતી કરી કે, ''આપશ્રી કૃપા કરીને પં. નેમિસાગર ગણી અને પં. મુક્તિસાગર ગણીને ઉપાધ્યાય બનાવો.''*



ગચ્છનાયકે શેઠ શાંતિદાસની વિનંતીથી સં. 1665માં અમદાવાદમાં માત્ર પં. નેમિસાગર ગણીને જ ઉપાધ્યાયપદ આપ્યું પણ પં. શ્રી મુક્તિસાગર ગણીને ઉપાધ્યાય પદવી ન આપી.

શેઠ ખુશ થયા અને ગચ્છનાયકને પાઘડી ઉતારી વિનંતી કરી કે, ''હવે પં. મુક્તિસાગર ગણીને ઉપાધ્યાયપદ આપો.''

ગચ્છનાયકે ઠંડો જવાબ આપતાં જણાવ્યું કે, ''મહાનુભાવ ! હું તમારી લાગણી સમજું છું, પરંતુ તમે સમજી શકો એમ છો કે, પદવી જેને તેને લહાણી કરવાની કે ઘેર ઘેર વહેંચવાની વસ્તુ નથી. તે કોને આપવી, કોને ન આપવી, ક્યારે આપવી અને ક્યારે ન આપવી તેનો વિચાર કરવો પડે છે.''

ગચ્છનાયકે આટલો ખુલાસો કરી મૌન પકડ્યું. નગરશેઠને આ ખુલાસાથી ખોટું લાગ્યું પણ તેમણે ''જેવી આપની મરજી'' કહી તે વખતે મનમાં જ નક્કી કર્યું કે,

''હવે હું શ્રી નેમિસાગરને ભટ્ટારક બનાવી, પં. શ્રી મુક્તિસાગર ગણીને તેમના હાથે જ ઉપાધ્યાય બનાવી, પછી આચાર્યપદવી અપાવી ઉપા. શ્રી રાજસાગર ગણી અને પછી આ. રાજસાગરસૂરિ બનાવીશ.''

ભટ્ટા. શ્રી વિજયસેનસૂરિએ પં. શ્રી મુક્તિસાગરને ઉપાધ્યાય ન બનાવ્યા તેથી જ આ. શ્રી વિજયદેવસૂરિએ પણ પં. શ્રી મુક્તિસાગરને ઉપાધ્યાય પદવી ન આપી.

ભટ્ટા. શ્રી વિજયદેવસૂરિ સં. 1679માં ખંભાતમાં ચાતુર્માસ સ્થિત હતા. અને ખંભાતના નગરશેઠ વ્યવહારી કામ માટે ચોમાસામાં અમદાવાદ આવ્યા. શેઠ શાંતિદાસે અવસર જોઈ સૂબાની સત્તા હાથમાં લઈ ખંભાતના શેઠને પોતાને ત્યાં અતિથિ તરીકે રાખી નજર કેદી બનાવ્યા અને તેને રુઆબથી જણાવ્યું કે, ''શેઠ ! તમારે ખંભાતનાં ઝાડ જોવાં છે કે નહીં ? જો એ જોવાની ઇચ્છા હોય તો ખંભાતમાં રહેલા આ. શ્રી વિજયદેવસૂરિ પોતાની જાતે જ પં. શ્રી રાજસાગર ગણીને ઉપાધ્યાયપદ આપી આચાર્ય બનાવવાની કબૂલાત આપે એવો પ્રબંધ કરો તો જ તમે અહીંથી છૂટીને ખંભાત જઈ શકશો.''

ખંભાતમાં શેઠાણીએ આ વાત જાણી, તે તરત જ ભટ્ટા. શ્રી વિજયદેવસૂરિ પાસે જઈ આંખમાં આંસુ લાવી ગચ્છનાયક પાસે પૌતાના સૌભાગ્યની ભિક્ષા માગી અને અમદાવાદમાં શેઠના સકલ સમાચાર કહી સંભળાવ્યા.

ભટ્ટા. શ્રી વિજયદેવસૂરિએ પં. રાજસાગર ગણીને ઉપાધ્યાયપદવી આપવાની મૂક સમ્મતિના પ્રતીકરૂપે એક પત્રમાં પોતાના હસ્તાક્ષરથી 'શ્રી જિનાય નમઃ' લખી તેમાં વાસક્ષેપ નાખી તે પત્ર શેઠાણીને આપ્યો...'

અર્થાત્ વડીલ ગચ્છાધિપતિશ્રી સેનસૂરિ મહારાજાએ શાંતિદાસ શેઠની ભાવનાનો શાસ્ત્રમર્યાદા અનુસાર જવાબ વાળ્યો, તો ગુર્વાજ્ઞાથી વિરુદ્ધ જઈને પણ ગુરુઓના અધિકારમાં પોતાની મરજી મુજબ દખલગીરી



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



કરવાનો નિર્ણય કર્યો. ત્યારબાદ વડીલ ગચ્છાધિપતિના પટ્ટધર દેવસૂરિ મહારાજા પણ ગુરુ મહારાજની ઇચ્છાનુસાર તે મહાત્માને પદવી આપવાની પૂરી અનિચ્છા ધરાવતાં હતા. છતાં કનિષ્ઠ કક્ષાની દાદાગીરી વાપરી, જે શહેરમાં ગચ્છાધિપતિ બિરાજમાન હતા ત્યાંના નિર્દોષ નગરશેઠને રાજકીય અધિકારથી નજરકેદ કરી ખૂનની ધમકી આપી ગચ્છાધિપતિ ઉપર પરોક્ષ રીતે દબાણ લાવી, પરાણે પદવીની સંમતિ લીધી.

ત્યારબાદ ત્રિપુટી મહારાજ, શાંતિદાસ શેઠે ધર્મક્ષેત્રમાં જે અનિચ્છનીય રાજકારણ પેસાડ્યું તેનો ચિતાર આપતાં તે જ પ્રકરણના પૃષ્ઠ નં. 129 અને 130 પર જણાવે છે કે,

*'... પછી શેઠ શાંતિદાસે સં. 1686ના જેઠ સુદિ 14ના રોજ અમદાવાદમાં ભગ. શ્રી મહાવીરસ્વામીના જિનપ્રાસાદમાં મહોત્સવ કરી ઉપા. રાજસાગર ગણીને આચાર્યપદવી આપી, તેમજ બીજા મુનિરાજોને ઉપાધ્યાય, પંન્યાસ વગેરે બનાવી, તપાગચ્છના સાગરગચ્છનો ચતુર્વિધ સંઘ સ્થાપન કર્યો...*

*શેઠ શાંતિદાસે સાગરગચ્છના ચારે સંઘોને વિસ્તૃત બનાવવા સામ, દામ, દંડ અને ભેદ એ ચારે નીતિથી કામ લીધું.*

*કડુઆમતના શાહ કલ્યાણજી સં. 1685માં રચેલી પટ્ટાવલીમાં જણાવે છે કે,*

*વિ.સં. 1679માં થરાદમાં કડુઆમત અને તપાગચ્છના શ્રાવકો વચ્ચે ઝગડો પડ્યો. આથી રાધનપુરના તપાગચ્છના યુવાન શ્રાવકોએ તોફાન કરી રાધનપુરના કડુઆમતનો ઉપાશ્રય તોડી નાખ્યો. કડુઆમતના જૈનોએ બાદશાહ જહાંગીર પાસે આની ફરિયાદ કરી દાદ માગી.*

*કદાચ બહુ તપાસણી થાય તો આ ઘટનામાં રાધનપુરના તપાગચ્છના જૈનોને દંડ થાય એવી પરિસ્થિતિ હતી. આથી અમદાવાદના નગરશેઠ શાંતિદાસે રાધનપુરના તપાગચ્છના યુવાનોને જણાવ્યું કે, "જો તમે અમારા સાગરગચ્છમાં દાખલ થાઓ તો તમને સૌને બચાવી લઈશ' એ રીતે સૌનાં સાગરગચ્છમાં દાખલ થવાનાં વચન લીધાં.*

*પછી શેઠ શાંતિદાસે કડુઆમતના જૈનોને ખાતરી આપી જણાવ્યું કે, "તમે આ કેસ પાછો ખેંચી લો. હું રાધનપુરમાં તમારો નવો ઉપાશ્રય બંધાવી દઈશ."*

*પરિણામે કડુઆમતવાળાએ કેસ પાછો ખેંચી લીધો. પછી રાધનપુરના તપાગચ્છના જુવાનો સાગરગચ્છમાં ભળ્યા અને શેઠ શાંતિદાસે રાધનપુરમાં કડુઆમતનો નવો ઉપાશ્રય બનાવી આપ્યો.*

*બીજી તરફ તપાગચ્છના યુવાનો સાગરગચ્છમાં ભળ્યા હતા. તેમણે ઉપાશ્રયને પોતાના અધિકાર નીચે લેવા ધાર્યું. આ રીતે રાધનપુરમાં તપાગચ્છમાં સં. 1680માં બે પક્ષો પડ્યા. સાથોસાથ ઉપાશ્રયના બે ભાગ પડ્યા...'*



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



પોતાની રાજકીય પહોંચનો ઉપયોગ ધર્મક્ષેત્રમાં પોતાનું વર્ચસ્વ જમાવવા, તપાગચ્છમાં તડા પડાવવા માટે કરવાનું દૃષ્ટાંત અહીં શેઠે પૂરું પાડ્યું છે.

આપણે જજમેન્ટમાં ઉદ્ધૃત ઐતિહાસિક પુસ્તક અને અન્ય ઐતિહાસિક વિગતોના આધારે જોયું કે શાંતિદાસ શેઠે કઈ રીતે ધર્માચાર્યોની સત્તાને પડકાર કર્યો. કઈ રીતે જૈનશાસનના વ્યવસ્થાતંત્ર સાથે ચેડા કર્યાં. સાથે એ પણ જોયું કે, પોતાની અપેક્ષાપૂર્તિ માટે તપાગચ્છમાં ભાગલાં પણ પડાવ્યાં.

આ જ પદ્ધતિ તેમના વંશ-વારસોએ આજ દિવસ સુધી આણંદજી કલ્યાણજી પેઢીમાં અપનાવી છે. તે જ કારણે જિનશાસનમાં શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘની સત્તા આશરે 300 વર્ષથી પુનઃસ્થાપિત થઈ શકી નથી. ઉલટું, આજ દિવસ સુધીમાં તીર્થરક્ષા આદિ માટે જિનાજ્ઞાનુસાર સાચી સલાહ આપનાર અનેક ધર્માચાર્યો અપમાનિત – ઉપેક્ષિત થયાં છે. જૈનોમાં તેમની અનાદેયતા કરાઈ છે અને ધર્માચાર્યોમાં ભાગલાં પડાવાયાં છે.

વળી, પેઢી દ્વારા પ્રાયઃ કરીને સંઘ-શાસન કે તીર્થોનાં કાર્યોથી ધર્માચાર્યોને અજ્ઞાત (અંધારામાં) જ રખાયાં છે. જેથી તેમના તરફથી અવરોધ ઊભો થાય નહીં અને શેઠ કુટુંબના વંશજો મનસ્વી રીતે જિનશાસનની અત્યંત ઉચ્ચતમ જવાબદારીઓ પ્રમાદપૂર્વક નગણ્ય સમજીને થોડું-ઘણું કરીને પતાવી શકે. બાકી જે મોટી ભૂલો કે અક્ષમ્ય અપરાધો હોય તે ચતુર્વિધ સંઘે કાયમ ખાતે ભોગવવાનાં જ રહે. તટસ્થતાથી અને સ્વસ્થતાથી જો ભૂગર્ભમાં ગુપ્તપણે અસ્તવ્યસ્ત જાળવી રાખેલા 300 વર્ષના દસ્તાવેજો તપાસવામાં આવે તો સ્પષ્ટપણે તરી આવશે કે શાંતિદાસ શેઠના સમયથી આ જ સિલસિલો ચાલ્યો આવે છે.

અરે ! જો પેઢીએ કોર્ટ સમક્ષ રજૂ કરેલા ઉપરોક્ત દસ્તાવેજોના ઐતિહાસિક તથ્યોનો યથોચિત અમલ કર્યો હોત તો સદીઓ જૂની ભૂલોને સુધારી શક્યા હોત. સદીઓ જૂની શાસનની સળગતી સમસ્યાઓને પ્રસ્તુત જજમેન્ટ દ્વારા પણ સુલઝાવી શક્યા હોત. પરંતુ દુર્ભાગ્યે તેવું દેખાતું નથી. આશા રાખીએ કે, પેઢી વહેલામાં વહેલી તકે ભૂલો સુધારી લે.

અહીં એટલું તો દરેક સુજ્ઞ વ્યક્તિ સમજશે જ કે, શેઠ પરિવારે, તેમના વારસદારોએ જેટલાં પણ જિનાજ્ઞાનુસારી ધર્મકાર્યો કર્યાં હોય, તેની તો હૃદયપૂર્વકની અનુમોદના જ છે અને હોય જ. તે પરિવાર પ્રત્યે અમને વ્યક્તિગત રાગ-દ્વેષ નથી અને રાખવાનાં ન જ હોય. માત્ર ને માત્ર તીર્થંકરોએ સોંપેલી જવાબદારી અને અતિ કડક જિનવચનો જાણીને આ વ્યથા વ્યક્ત કરેલ છે.

બાકી, પેઢીનું બંધારણ પણ તેમની તેવી જ કાર્યપદ્ધતિનું પરિચાયક છે. કેમ કે તેમાં ધર્માચાર્યોની સત્તા માન્ય કરાઈ જ નથી. સામે, શ્રાવકોને જ તીર્થોના માલિક, સર્વેસર્વા, અધિકારી, પ્રતિનિધિ તરીકે દેખાડ્યાં છે. પરિણામે, વર્તમાનના ગચ્છાધિપતિઓ કે આચાર્ય ભગવંતો પાસે પણ વર્તમાન રાજ્યના કાયદા અનુસારે પેઢીને બાધિત કરવાનો અધિકાર રહ્યો નથી.



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner



આણંદજી કલ્યાણજી પેઢીના અધિકાર નીચે રહેલા તીર્થોનું સર્વેક્ષણ કરો તો લોહીનાં આંસુ સરે તેવો તીર્થોનો વિનાશ દેખાશે, નિશ્ચિતપણે જણાશે, પરંતુ તેને જોનારની, સમજનારની, યોગ્ય રીતે વિનાશનું નિવારણ કરનારની હાલમાં પ્રભુશાસનને તાતી જરૂરિયાત છે. ચતુર્વિધ સંઘના સુજ્ઞ શ્રદ્ધાળુઓ જો સવેળા જાગ્રત નહીં થાય તો આ પ્રતિનિધિત્વનું નુકસાન ક્યાં સુધી પહોંચશે તેની કલ્પના થાય તેમ નથી.

આપણે પ્રસ્તુત વિશ્લેષણના ત્રણે ભાગોમાં જે ચર્ચા કરી, તે મુજબ જજમેન્ટ વગેરેમાં સુધારા કરાવવા અતિઆવશ્યક છે. તે દિશામાં શાસનના દરેક હિતચિંતકો પ્રયત્ન કરશે, તેવી આશા – અપેક્ષા રાખી છે. અન્યથા શાસનને – તીર્થને ઘણા માઠા ફળ ભોગવવાના આવી શકે છે. ઉપરોક્ત આશા જલદીમાં જલદી ફળે, તેવી શાસનદેવને પ્રાર્થના...

સકળ સંઘનું મંગળ થાઓ તેવી શુભભાવના....

(ગ. આ. વિજય યુગભૂષણસૂરિ)



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhyay Road, Mulund (W), Mumbai 80, In
Whatsapp No.: +91 99300 11400 | Email: info@jyot.in

Scanned with CamScanner